**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૩.૦ ડીગ્રી
લઘુતમ : ૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૫૨ ટકા

# શહેરમાં પતંગ-દોરીની મોસમ આરંભાઈ

## ટામેટા કલરની દોરી આ વર્ષે હોટ ફેવરીટ : ગયા વર્ષ કરતા ત્રીસેક રૂપિયાનો ભાવ વધારો



ગાંધીનગર, તા.૯
મકરસંક્રાંતિનો પર્વ નજીક આવી રહ્યો છે. શહેરમાં નાનાથી લઈ મોટા દરેક આ તહેવારને લઈ ઉત્સાહિત જોવા મળી રહ્યા છે. શહેરના વિવિધ માર્કેટમાં દોરી પીવડાવવા માટેના ચરખા ગોઠવાઈ ગયા છે જયાં અલગ અલગ બ્રાન્ડની દોરીની રીલ પણ વેચાઈ રહી છે.

શહેરમાં ઉત્તારાયણની ઉજવણીની તૈયારી થઈ રહી છે ત્યારે શહેરીજનો સારામાં સારી દોરીથી એકબીજાના પેચ કાપવા તૈયાર થઈ રહ્યા છે. કોણ કઈ દોરી ખરીદશે અને કઈ દોરીથી વધુ પેચ કપાશે તે હાલ ચર્ચાનો વિષય બન્યો છે. શહેરના વેપારીઓ દ્વારા સાકર-૮, એકે-૫૬, ગેંડા, ચોવીસ કેરેટ બ્રાન્ડની દોરીની રીલ વેચાણમાં છે. જયાં વાર મુજબ ભાવ નક્કી કરાયા છે. પાંચ હજારવારની દોરીમાં સાકર-૮ના ૩૫૦ રૂપિયા એકે-૫૬ના ૩૮૦ રૂપિયા, ગેંડાના ૪૨૦ રૂપિયા તથા ચોવીસ કેરેટ ૪૫૦ રૂ. ભાવથી વેચાઈ રહી છે.

પતંગની દોરી રંગાવવાનો ભાવ દસ હજાર વારના ૩૦૦ રૂપિયા, પાંચ હજારવારના ૧૫૦ રૂપિયા અને પચ્ચીસો વારના ૮૦ રૂપિયા છે. ગુલાબી, જાંબુ, સફેદ, પીળો અને ટામેટા કલરમાં દોરી રંગવામાં આવી રહી છે. જેમાં ટામેટા કલરની દોરી શહેરીજનોમાં હોટ ફેવરીટ છે. સાથે ગુલાબી અને પીળો કલર એ ઓલ ટાઈમ ફેવરિટ છે. આ ઉપરાંત ખાલી પ્લાસ્ટિકની ફીરકી લગભગ ૩૦ રૂપિયા અને સ્ટીલની ફીરકી ૮૦ રૂપિયાના ભાવથી વેચાઈ રહી છે.

વર્ષોથી ચરખાથી દોરી રંગતા કારીગર અજીતભાઈ દંતાણીના જણાવવ્યા અનુસાર આ વર્ષે દોરીના ભાવમાં ગયા વર્ષ કરતા ત્રીસેક રૂપિયા જેટલો વધારો આવ્યો છે.







## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**છપાક**
૯.૦૦, ૧૧.૪૫, ૧૨.૫૫, ૨.૩૦, ૩.૩૫, ૫.૧૫, ૮.૦૦, ૯.૩૦, ૧૦.૪૫
**તાન્હાજી:ધ અનસંગ વોરિયર**
૯.૦૦, ૧૦.૦૦, ૧૨.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૭.૦૦, ૯.૦૦, ૧૦.૦૦
**દરબાર (હિન્દી)** - ૩.૫૫
**ગુડ ન્યુઝ**
૧૦.૨૦, ૩.૦૦, ૭.૧૦, ૧૦.૦૦
**જુમાનજી ધ નેકસ્ટ લેવલ**
(૩-ડી હિન્દી)
૧.૧૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**છપાક**
૧૦.૩૫, ૧૨.૨૦, ૧.૩૦, ૩.૦૦, ૪.૨૫, ૭.૨૦, ૧૦.૧૫
**તાન્હાજી:ધ અનસંગ વોરિયર**
૯.૩૦, ૧૦.૩૦, ૧૨.૩૦, ૧.૩૦, ૩.૩૦, ૪.૩૦, ૬.૩૦, ૭.૩૦, ૮.૩૦, ૯.૩૦, ૧૦.૩૦
**દરબાર (હિન્દી)** - ૪.૦૦
**ગુડ ન્યુઝ**
૯.૩૫, ૧.૧૦, ૫.૪૦, ૧૦.૩૦

# વાવોલની સાર્થક સફલ સ્કીમના બિલ્ડર વિરૂધ્ધ રેરા ઓથોરિટીમાં ચાલતા કેસનો ચુકાદો ફલેટ માલિકોની તરફેણમાં

ગાંધીનગર, તા.૯
ગાંધીનગરના વાવોલ સ્થિત સાર્થક સફળ સોસાયટીના ફલેટ માલિકો દ્વારા નવા બનાવેલા મકાનોમાં ભેજ, લીકેજ અને તિરાડો પડવાના કારણે બિલ્ડર વિરૂધ્ધ રેરા ઓથોરિટીમાં દાખલ કરવામાં આવેલા કેસનો ચુકાદો ફલેટ માલિકોની તરફેણમાં આવ્યો છે. રેરા ઓથોરિટી દ્વારા સ્કીમના બ્રોશરથી માંડીને બાનાખત અને સેલડીડમાં આપેલ બાંહેધરી મુજબ ત્રણ માસમાં કામગીરી પૂર્ણ કરી સોસાસટીમાં કોમન એરિયામાં એમીનીટીઝમાં ભાગલા પાડવાને બદલે કોમન એરીયા સોસાયટીને સોંપી દેવા હુકમ કર્યો છે.

સાર્થક સફળ સ્કીમમાં વર્ષ ૨૦૧૫માં સપ્ટેમ્બરમાં એ, બી, સી અને ડી બલોકના ફલેટ માલિકોને અંશતઃ વપરાશના પ્રમાણપત્રના આધારે પઝેશન આપ્યા પછી બિલ્ડર દ્વારા મકાનોમાં ઉઠવા પામેલી ભેજ, લીકેજ થવાની તથા તિરાડો પડવા અંગેની ફરિયાદોનું નિવારણ કરવામાં આવતું નોતું તેમજ વારંવાર પ્લાન રિવાઈઝ કરાવી સ્કીમને પૂર્ણ કરવામાં આવતી નહોતી સ્કીમ પુરી કરવામાં ચાર વર્ષથી વધુનો સમયગાળો વીતવા છતાં ફલેટ ધારકોના પ્રશ્નોના ઉકેલાતા ફલેટ માલિકોએ ગુજરાત રીએલ એસ્ટેટ ઓથોરિટીની કચેરીમાં બિલ્ડર વિરુધ્ધ કેસ દાખલ કર્યો હતો. જે અંગે રેરાના એક્ષપર્ટ એન્જિનીયર દ્વારા કરાયેલ સ્થળ તપાસમાં ફલેટ માલિકોની ફરિયાદ સાચી ઠરી હતી. રેરામાં કેસ ચાલુ હતો તે દરમિયાન બિલ્ડર દ્વારા કોમન એમિનિટીઝમાં ભાગલા પાડવાનું સૂચવ્યું હતું જે ફલેટ માલિકોએ વિરોધ કરી અટકાવ્યું હતું અને તે અંગે પણ રેરામાં રજૂઆત કરી હતી. આખરે રેરા ઓથોરિટી દ્વારા તાજેતરમાં આપવામાં આવેલા ચુકાદા મુજબ બિલ્ડરને ત્રણ માસમાં તમામ કામગીરી પૂર્ણ કરી કોમન એરિયા સોસાયટીને સોંપવા હુકમ કરવામાં આવ્યો છે. આ આદેશથી ગુસ્સો ભરાયેલા બિલ્ડરે સોસાયટી રજીસ્ટ્રેશન બાકી હોવાથી રૂ.૧૫ લાખનું મેન્ટેનન્સ અને તેનું વ્યાજ દબાવી ફરી પ્લાન રિવાઈઝ કરવાની ધમકી આપતા બોરનું વિજ બીલ ભર્યું નથી જેને રહીશોએ જાતે મળીને ભરવાનું નક્કી કર્યુ છે.

# કડકડતી ઠંડીમાં શહેરના યુવાનોનું 'હુંફાળું' સદકાર્ય



પાટનગરમાં શિયાળાની કડકડતી ઠંડી જયારે ગરીબોને મુઠ્ઠીઓ વાળવા મજબૂર કરી રહી છે ત્યારે શહેરના યુવાનો કુશાંગ શાહ તથા તેના મિત્ર વર્તુળ જેમાં કૃતિક, વૃતાંત, વિશેષ, યશરાજ, અભય, નિશા, દીપ તથા દેવાંગનો સમાવેશ થાય છે જેમણે શહેરના જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવીઓને ધાબળા ઓઢાડી માનવતા દાખવી હતી. આ યુવાનોએ પોતાની વેબસાઈટ મારફતે આ સદકાર્ય અંગે સંદેશો પાઠવી દાતાઓનો સહયોગ પ્રાપ્ત કર્યો હતો.

## @ગાંધીનગર

● ગોસ્વામી સંજય ભારતીની વ્યાસપીઠે કોલવડા સ્થિત નિલકંઠ મહાદેવ ખાતે ૧.૩૦ થી ૫ વાગ્યા દરમિયાન શિવકથા યોજાશે.

● લિંબચ માતાજી મંદિર સે-૧૩ ખાતે સવારે ૬ થી ૭.૧૫ દરમિયાન યોગ તાલીમ શિબિર યોજાશે.

● મા જગદંબા પ્રાગટય મહોત્સવ અંતર્ગત સવારે ૮ વાગ્યાથી શતક ભોગ અન્નકૂટ સે-૧૩-બી શકિતચોક ખાતે યોજાશે.

● વંદે માતરમ પરિવારનો આનંદનો ગરબો બપોરે ૩ થી ૫.૩૦ દરમિયાન જયાબેન પટેલના નિવાસસ્થાન પ્લોટનં.૨ સે-૨૮ ખાતે યોજાશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા મધુબેન કે. કડીકરના કંઠે સવારે ૧૦ થી ૧૨ દરમિયાન સે-૩-ડી રામેશ્વર મંદિરમાં આનંદનો ગરબો યોજાશે તથા પોષી પૂનમ નિમિત્તે અન્નકૂટ દર્શન યોજાશે.

## ચક્ષુદાન

જુનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા ગાંધીનગર નિવાસી ૬૫ વર્ષીય સ્વ. પ્રાગજીભાઈ દેવરાજભાઈ આંકોલીયાનું અવસાન થતા તેમના કુટુંબીજન કાંતાબેનની સંમતિથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન લેવામાં આવ્યું હતું. આ કાર્યમાં તબીબી સેવા ડૉ. વેલુ અને ડૉ. પ્રિયંકા તેમજ જુસીકાના કાર્યકર વીરેનભાઈ બ્રહ્મભટ્ટ અને રાજુભાઈ વાઘેલાએ પૂરતો સહયોગ આપ્યો હતો.

# આજથી સોમનાથ ખાતે સ્વતંત્ર ભારતનો પ્રથમ કૈલાસકુંભ યોજાશે

ગાંધીનગર, તા.૯
એવું કહેવાય છે કે જયારે પ્રાચીન અખંડ ભારત હતું ત્યારે પણ હિમાલયમાં અતિદુર્ગમ અને વિકટ પરિસ્થિતિઓમાં કૈલાસ માનસરોવરની યાત્રા ઋષિ મુનિઓ તથા શ્રધ્ધાળુઓ કરતા હતા અને આવા ૧૧૧૧ કૈલાસયાત્રીઓ જો કોઈ પણ એક જયોર્તિલિંગ સ્થળે એક સાથે એકઠાં થાય તો તેને કૈલાસ કુંભ મેળાનો દરજ્જો પ્રાપ્ત થતો હતો. પ્રાચીન અખંડ ભારતના વિભાજન પછી કયારેય આ પ્રકારનો કૈલાસકુંભ કોઈ સરકાર કે અન્ય દ્વારા આયોજિત કરવામાં આવ્યો નથી.

ભારતની સ્વતંત્રતા પછી સૌ પ્રથમવાર ગુજરાત કૈલાસ પરિવાર દ્વારા કોઈ પણ જાતની સરકારી સહાય કે ભેદભાવ વગર પ્રથમ જયોતિર્લિંગ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં આગામી તા. ૧૦ અને ૧૧ જાન્યુઆરી શુક્ર-શનિવાર દરમિયાન કૈલાસકુંભનું આયોજન કવરામાં આવ્યું છે. આ આયોજન સોમનાથ ટ્રસ્ટના સહયોગથી કરવામાં આવ્યું છે. જેમાં આયોજકો દ્વારા ભારતના કૈલાસયાત્રીકોનું ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. આ કૈલાસકુંભમાં સમગ્ર ભારતભરમાંથી કૈલાસ યાત્રીઓ ઉપસ્થિત રહી 'એક શામ સોમનાથ કે સંગ' કાર્યક્રમમાં ભાગ લેશે. આ પ્રસંગે સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી પી.કે. લહેરી મુખ્ય અતિથિપદે ઉપસ્થિત રહેશે તથા પદ્મશ્રી અનુરાધા પૌંડવાલ ભજન સંધ્યા પ્રસ્તુત કરશે.

# શહેરના બે નગરજનો ઓનલાઈન છેતરાયા

ગાંધીનગર, તા.૯
આજના હાઈટેક યુગમાં દુનિયાભરની માહિતી આંગળીના ટેરવે મેળવી શકાય છે. ઈન્ટરનેટના માધ્યમથી તમામ ચીજવસ્તુઓ ઘરે બેઠા મળી જાય છે. જે તે ખરીદેલી ચીજવસ્તુના રૂપીયાની ચુકવણી પણ ઓનલાઈન ટ્રાન્સફર થાય છે. ત્યારે આ સુવિધાઓ કેટલાક નાગરીકો માટે દુવિધા બની જાય છે. શહેરમાં ઓનલાઈન છેતરપિંડીના કિસ્સાઓ વધી રહ્યા છે, તાજેતરમાં ઓનલાઈન છેંતરપિંડીની બે ઘટના સામે આવી છે. જેમાં બંન્ને ફરીયાદ એક જ દિવસે ઈન્ફોસીટી પોલીસ મથકે નોંધાઈ છે.

પ્રાપ્ત માહિતી મુજબ કુડાસણના શુકન સિલ્વર ખાતે રહેતા કશ્યપ જગદીશભાઈ પટેલ તા.૩૦ ડિસેમ્બરના રોજ તેમના પર મેસેજ આવ્યો હતો કે પેટીએમ કેવાયસી સસ્પેન્ડ થયેલ છે. ફોન કરો નહી તો એકાઉન્ટ બંધ થઈ જશે. જેને પગલે તેમણે ફોન કરતા સામેથી એનીડેસ્ક એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી. ત્યારબાદ તેનો નંબર ફરીયાદીએ સામેવાળાને આપ્યો હતો. તે શખ્સે પેટીએમમાંથી કોઈને બે હજારનું ગીફટ વાઉચર આપવાનું કહ્યું હતું. ફરીયાદીએ તે પ્રમાણે કરતા કંઈ નથતા સામેવાળાએ કોડ સ્કેન કરવાનું કહેતા ફરીયાદીએ પોતાના પેટીએમમાં ખાતામાંથી બે રૂપીયા એડ કરતા જ તેનો મોબાઈલ હેંગ થઈ ગયો હતો. ૧૦ મીનીટ પછી ફરીયાદીના ફોન પર ત્રણ મેસેજ આવ્યા હતા. જેમાં ખાતામાંથી રૂ.૧૯૯૭૫, ૪૦૦૦, ૪૯૯૯ ક્રમવારે ઉપડી ગયા હતા.

જયારે બીજા બનાવમાં કુડાસણ સનફલાવર હાઈટસ્માં રહેતા નિખીલ અમૃતલાલ પટેલે પોતાની જુની કાર ૨૫ દિવસ અગાઉ ઓએલએકસ પર વેચાણ માટે મુકી હતી. ગત તા.૪ જાન્યુઆરીના રોજ રાત્રે સવા અગીયાર વાગે એક શખ્સે ફોન કરી કાર ખરીદી માટે તૈયારી દર્શાવી હતી. જો કે સમય ન હોવાનું કહીને આ શખ્સે ૫ હજાર એડવાન્સ નાંખવાનું કહી ફોન પે એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી. ફરીયાદીએ એપ ડાઉનલોડ કરતા આ શખ્સે ટેસ્ટીંગના નામે રૂ.૧૦ નાંખ્યા હતા. જે પાછા જતા રહ્યા હતા. ત્યારબાદ ફરીયાદીના ખાતામાંથી રૂ.૪૯૦૦ ગણતરીની સેકન્ડમાં ઉપડી ગયા હતા.

# દુકાનમાં ટફન ગ્લાસ નંખાવા આવેલ યુવક મોબાઈલ ચોરી પલાયન

શહેરના સેકટર-૧૭-૨૨ માર્ગ પર શાલીન કોમ્પ્લેક્ષ ખાતે આવેલ રૂદ્ર મોબાઈલ નામની દુકાનમાંથી મોબાઈલ ચોરીની ઘટના સામેઆવી છે. આજેસવારના સુમારે રૂદ્ર મોબાઈલના માલિક કાર્તિક પટેલે નિત્યક્રમ મુજબ દુકાન ખોલી હતી. દુકાન ખોલતા સમયે ડેમો સ્ટેન્ડમાં મુકવામાં આવેલા મોબાઈલમાંથી એક મોબાઈલ ગુમ હતો. જેથી તેમણે ત્યાં નોકરી કરતા કારીગરને પુછ્યું હતું પરંતુ કારીગરને પણ ફોન અંગે ખબર નહી હોવાનું કહ્યું હતું. જેને પગલે કાર્તિક પટેલે દુકાનના સીસીટીવી ફુટેજ ચેક કરતા ગતરોજ સાંજના સુમારે એક યુવક તેઓને ત્યાં કારીગર એકલો હતો ત્યારે ટફન ગ્લાસ નંખાવા માટે આવ્યો હતો. ટફન ગ્લાસ નાંખવા માટે વસ્તુ લેવા માટે કારીગર નીચે નમે છે. તે સમયે આરામથી યુવક સ્ટેન્ડમાં ગોઠવીને મુકેલો ડેમો મોબાઈલ લઈ ખીસ્સામાં મુકી દે છે અને ત્યારબાદ જતો રહે છે. બનાવ અંગે કાર્તિક પટેલ રૂ.૧૪ હજારના મોબાઈલની ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે દુકાનના સીસીટીવી ફુટેજને પગલે યુવકને પકડવા માટે ગતિવિધી તેજ કરી છે.

## ચિરવિદાય

● સ્વ. ઠાકોર દિવાબેન શકરાજી, ઉ.વ. ૭૬
● સ્વ. સોલંકી હિરાજી તખાજી, ઉ.વ. ૬૮
● સ્વ. પાંડે યદુવંશ સુખદેવ, ઉ.વ. ૫૮
● સ્વ. વણકર પનાભાઈ શિવાભાઈ, ઉ.વ. ૭૮
● સ્વ. પટેલ બાબુભાઈ ભોળીદાસ, ઉ.વ. ૬૮
● સ્વ. વાળંદ મણીબેન પુરૂષોત્તમભાઈ, ઉ.વ. ૭૨



જલારામ મહિલા મંડળની બહેનો દ્વારા ડબ્બા ઉજાણી યોજાઈ હતી.જેમાં ઉપસ્થિત સર્વે બહેનો દ્વારા હાઉસી અને વન મિનિટ ગેમ રમવામાં આવી હતી તથા ગેમમાં વિજેતા બહેનોને સંસ્થા દ્વારા ઈનામ આપવામાં આવ્યા હતા.

# ગોલ્ડન બેબી લીગ ફૂટબોલ ટુર્નામેન્ટમાં ડી.પી.એસ. દ્વિતીય ક્રમે






સવિતા સ્પોર્ટસ એકેડેમી,ચાંદખેડા દ્વારા ગોલ્ડન બેબી લીગ ફૂટબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતુ, જેમાં અન્ડર-૭,અન્ડર-૯ અને અન્ડર-૧૧ વયજૂથમાં કુલ ૨૩ ટીમોએ ભાગ લીધો હતો.

વિવિધ વય જૂથમાંથી અન્ડર-૯ વય જૂથમાં બાળકો અને બાળકીઓની ટીમે કુલ ૨૪ મેચ રમી હતી અને તેમાંથી ૧૮ મેચ જીતીને રનર-અપ ટ્રોફી અને મેડલ મેળવ્યાં હતાં.

આ ઉપરાંત ધોરણ-૫ નો છાત્ર સાકેત બોહરા ટુર્નામેન્ટનો બેસ્ટ ગોલકીપર તરીકે પસંદગી પામ્યો હતો.

શાળાના આચાર્ય શ્રી અતનુ રથે વિદ્યાર્થીઓને આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતાં.

# લાયન્સ કલબ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



ગાંધીનગર, તા.૯
લાયન્સ કલબ ઓફ ગાંધીનગર અને ગુજરાત યુનિવર્સિટીના સ્કુલ ઓફ સાયન્સ ડિપાર્ટમેન્ટ દ્વારા લાયન્સ બ્લડ બેંક ઓગણજના સહયોગથી રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓ તથા પ્રોફેસર દ્વારા રકતદાન કરવામાં આવ્યું હતું. જેમને સંસ્થા દ્વારા સર્ટીફીકેટ તથા મોમેન્ટો આપવામાં આવ્યા હતા. આ શિબિરમાં લાયન્સ કલબના ડિસ્ટ્રીકટ ગવર્નર લાયન દિપકભાઈ ત્રિવેદી, પ્રથમ વાઈસ ડી. ગવ. લાયન નરેન્દ્રભાઈ પટેલ, દ્વિતીય વાઈસ ડી. ગવ લાયન જગદીશભાઈ અગ્રવાલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ શિબિરનો સફળ બનાવવા માટે ડિસ્ટ્રીકટ ડાયરેકટર સાઈટ વિઝન લાયન કે.પી. પ્રજાપતિ, ઝોન ચેરમેન લાયન પિયુષ શાહ, પ્રમુખ લાયન રાજ ગૌડા, બ્લડ ડોનેશન કમિટી કન્વીનર લાયન ધવલ દવે, લાયન નટુભાઈ સોલંકી, લાયન કોકીલાબેન પ્રજાપતિ તથા લાયન નયનભાઈ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# રવિવારે શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો ખાતે આગામી કરાઓકે ટ્રેક શૉના ઓડિશન્સ

ગાંધીનગર, તા.૯
ન્યુ ગાંધીનગરના કુડાસણ સ્થિત શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો સંચાલિત મેરી આવાઝ સુનો કરાઓકે કલબ દ્વારા ગાંધીનગર તથા અમદાવાદ સહિત રાજયના અનુભવી-બિનઅનુભવી ગીત ગાવાના શોખીન સંગીત રસિકોને કરાઓકે ટ્રેક શૉ દ્વારા તેમના પોતાના અવાજમાં ગીતોની રજૂઆત કરવા પ્લેટફોર્મ સ્ટેજ પુરું પાડવાના ઉદ્દેશથી આગામી તા. ૧૨મી જાન્યુઆરી રવિવારના રોજ બપોરે ૧૨.૩૦ કલાકે તેમના આગામી સ્ટેજ શૉ માટેના જાહેર ઓપન ઓડિશનનું આયોજન કર્યુ છે. આ ઓડિશન કુડાસણ ખાતેના મારૂતિ નેક્ષા શૉ રૂમની બાજુમાં સનરાઈઝ કોમ્પ્લેક્ષ ખાતેના શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિઓ ખાતે યોજાશે. જેમાં ભાગ લેવા ઈચ્છતા સંગીત રસિકોએ તેમના પ્રવેશ ફોર્મ વહેલા તે પહેલાના ધોરણે ઓડિશનના દિવસે સ્ટુડિઓ પર રૂબરૂ આવીને ભરી શકશે. ઓડિશન અંગે વધુ વિગત માટે શ્રવણકુમાર પરમારનો મો.નં. ૯૪૨૭૨ ૧૮૦૭૩ અથવા સંસ્થાના મો.નં. ૮૮૪૯૪ ૫૪૪૦૫ પર સંપર્ક સાધી શકાશે.

# સુદર્શન ફાઉન્ડેશનનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો





સુદર્શન ફાઉન્ડેશન દ્વારા શનિવારે ક્ષત્રિય ઠાકોર સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે યોજાયો હતો.

આ કાર્યક્રમમાં સરકારમાં નિમણુંક થયેલ યુવક યુવતીઓ તથા નિવૃત્ત કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું તથા સમાજ પરિચય પુસ્તિકા ૨૦૨૦નું વિમોચન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. સમાજના સર્વે ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.